Extra No. 413

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **WEDNESDAY, AUGUST 6, 2025 / SRAVANA 15, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts

સી.આઈ.ડી. ક્રાઈમ વડોદરા ઝોન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૦૧/૨૦૨૦ થી દાખલ થયેલ ગુનાના કામે ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ હેઠળ આરોપીઓની મિલકત ટાંચમાં લેવા બાબત.

ગૃહ વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) કાયદા વિભાગના તા.૦૨.૦૨.૨૦૨૪ના જાહેરનામા ક્રમાંક : No.GHK/33/2024/SPC/102017/2635/D.

(૨) ગૃહ વિભાગનો તા.૧૦.૦૧.૨૦૧૮નો હુકમ ક્રમાંક : વિ.૨/ગનહ/૧૦૨૦૨૨/GPID-૭.

(૩) સ્પે.જજશ્રી જિ.પી.આઈ.ડી.,વડોદરા દ્વારા તા.૦૩/૦૪/૨૦૨૪ ના હુકમ.

(૪) સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, વડોદરા શહેરનો તા.૩૦.૦૭.૨૦૨૪ નો પત્ર ક્રમાંક : એમએજી/વશી/૬૫૩/૨૦૨૪.

ક્રમાંક : જીએચજી/૬૮/૨૦૨૫/વિ.૨/ગનહ/૧૦૨૦૨૨/GPID-૭ : સી.આઈ.ડી. ક્રાઈમ વડોદરા ઝોન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૦૧/૨૦૨૦ ખાતે ધી ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ (GPID Act, 2003)ની કલમ-૩ તથા ઈ.પી.કો કલમ-૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૧૪, ૧૨૦(બી)અને જી.પી.આઈ.ડી. એક્ટની કલમ-૩ હેઠળ દાખલ થયેલ ગુનાના કામે GPID Act, 2003ની કલમ-૪(૧) ની જોગવાઈ મુજબ ગૃહ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક (૨) ના હૂકમના એનેક્ષરમા દર્શાવ્યા મુજબની આરોપીઓની મિલ્કત ટાંચમાં લેવા તથા પ્રાંત અધિકારીશ્રી, વડોદરાની 'કમ્પીટન્ટ ઑથોરીટી' તરીકે નિમણૂંક કરવામાં આવેલ હતી પરંતું વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના જાહેરનામાથી કાયદા વિભાગ દ્વારા GPID Act, 2003 ની કલમ-૯ હેઠળ પ્રત્યેક જિલ્લાના પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ જજની

અદાલતને "વિશેષ અદાલત" તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે. જેના અનુસંધાને વંચાણે લીધેલ ક્રમાંક (૩) થી સ્પે. જજશ્રી જિ.પી.આઈ.ડી., વડોદરા દ્વારા તા.૦૩/૦૪/૨૦૨૪ ના હુકમથી ઉક્ત કેસ સ્પે. જજશ્રી જી.પી.આઈ.ડી.- ડિસ્ટ્રીક્ટ કોર્ટ, પંચમહાલ, ગોધરા ખાતે તબદીલ કરવામાં આવેલ છે. જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૪) ના પત્રથી સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, વડોદરા શહેર દ્વારા પ્રસ્તુત કેસમાં 'કમ્પીટન્ટ ઑથોરીટી' તરીકે સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરાને નિયુક્ત કરવા રજૂઆત કરવામાં આવેલ હતી. જે ધ્યાને લઈ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરાને, સી.આઈ.ડી. ક્રાઈમ વડોદરા ઝોન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૦૧/૨૦૨૦ ખાતે GPID Act, 2003 ની કલમ-૩ તથા ઈ.પી.કો કલમ-૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૧૪, ૧૨૦(બી) અને જી.પી.આઈ.ડી.એક્ટની કલમ-૩ હેઠળ દાખલ થયેલ ગુનાના કામે GPID Act, 2003 ની કલમ-૪(૧) ની જોગવાઈ મુજબ ગૃહ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક (૨) ના હૂકમના એનેક્ષરમાં દર્શાવ્યા મુજબની આરોપીઓની મિલ્કત ટાંચમાં લેવા, 'કમ્પીટન્ટ ઑથોરીટી' તરીકે જાહેર કરવામાં આવે છે તથા 'ડેઝીગ્નેટેડ કોર્ટ' ના આખરી હુકમ સુધી સદર પ્રોપર્ટી તેઓના હસ્તક રાખવા હુકમ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડૉ. હર્ષિત ગોસાવી,

સરકારના સંયુક્ત સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.08.08 10:44:55 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar